## શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ
## શ્રી ઈ. ઈ. એલ. કે. કોમર્સ કૉલેજ,

ચીખલી, જિ. નવસારી

# વિમલ

(૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૨૦૧૫)





પરામર્શક

પ્રિ. ડૉ. મુકેશભાઈ ડી. પટેલ

સંપાદકો

અર્જનભાઈ બી. પટેલ
(અધ્યક્ષ, મેગેઝિન સમિતિ)

પ્રા. શંકર બી. પટેલ
ડૉ. અભિધા આદેશરા
(અધ્યક્ષ, મેગેઝિન સમિતિ)



स्वातंत्र्य सेनानी, समाजसेवक अने शिक्षण संवर्धक

# स्व. मोहनलाल मणिलाल देसाई

जन्म : २७-३-१९१५ अवसान : १३-११-१९९९

" हुं विदाय थई जाउं पछी मारा विचार
तमारी कने आवे,
जेम सूर्यास्तनी सरहद उपर
तारासृष्टिनुं मौन व्यापे"

"Let my thoughts come to you
when I am gone,
Like after glow of sunset
At the margin of starry silence"
- **Rabindranath Tagore**

# શ્રી એમ. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રી ઈ. ઈ. એલ. કે. કોમર્સ કૉલેજ, ચીખલી, જિ. નવસારી

# વિમલ

(૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૨૦૧૫)

પરામર્શક

પ્રિ. ડૉ. મુકેશભાઈ ડી. પટેલ

સંપાદકો

અર્જુનભાઈ બી. પટેલ
(અધ્યક્ષ, મેગેઝિન સમિતિ)

પ્રા. શંકર બી. પટેલ
ડૉ. અભિધા આદેશરા
(અધ્યક્ષ, મેગેઝિન સમિતિ)

# વિમલ
## (વાર્ષિક મુખપત્ર)
## (૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૨૦૧૫)

પ્રકાશક
પ્રિ. ડૉ. મુકેશભાઈ ડી. પટેલ
શ્રી એમ.આર.દેસાઈ આર્ટ્સ એન્ડ
શ્રી ઈ.ઈ.એલ.કે. કોમર્સ કોલેજ,
ચીખલી (396 521) જિ.નવસારી.

મુદ્રક
સ્પેક્ટ્રા ગ્રાફિક્સ
ઓફસેટ પ્રિન્ટર
દેસરા રોડ, બીલીમોરા - ૩૯૬ ૩૨૧
મો.: ૯૮૨૫૫ ૭૫૩૦૨, ૯૮૨૫૦ ૯૩૯૦૪

# સંપાદકીય...

- શંકર પટેલ
- ડૉ. અભિદા આદેશરા

સુસંસ્કૃત કે સત્ત્વશીલ સમાજ માટે ઊંચા સંસ્કારોનું સિંચન જ સન્માનીય સમાજ સર્જી શકે. સંસ્કારઘડતર માટે સાહિત્યનું શિક્ષણ અનિવાર્ય છે. અનુગામી પેઢી સીધા સંસ્કારો એની પુરોગામી પેઢી પાસેથી સ્વીકારે છે, પરંતુ પરિવર્તન સૃષ્ટિનો સનાતન નિયમ છે. પરિવર્તન માટે ઘણા પરિબળો કામ કરે છે. દરેક પેઢીની માનવસંપત્તિ પોતાની આગવી ઓળખ ઊભી કરે છે. ફેશન હોય કે રહેણીકરણી, શિક્ષણ હોય કે વ્યવસાય હોય, વ્યવહાર હોય કે ધાર્મિક ખ્યાલ હોય સમયની સાથે ફેરફાર થતા રહેવાના, તેમ છતાં સુદૃઢ થયેલા ઉત્તમ સંસ્કારો નામશેષ ન થાય તે જોવું રહ્યું.

અર્થોપાર્જન માટે સમયે સમયે જગ્યાઓ ઊભી થતી ગઈ અને સમય આવતાં બંધ થતી ગઈ. આજીવિકા માટેના રસ્તા ખુલતા ગયા અને સમય આવતાં બંધ પણ થતા ગયા. આધુનિક સમયમાં કોમ્પ્યુટરનો ભારે પ્રભાવ છે. કોમ્પ્યુટર ન આવડતું હોય તેવા વ્યક્તિને આજે નિરક્ષર જ ગણવો ઘટે. નોકરી - ધંધામાં એની અનિવાર્યતા લેખાય. ક્યારેક અનુભવાય છે કે મનુષ્ય યંત્રજડ બનતો જાય છે. એની સંવેદના થીજતી - ઠીંગરાતી જાય છે. માનવ વ્યવહારોમાં કશુંક ખૂટતું જણાય છે. વ્યવહારિક ભાષામાં એક પ્રકારની બરછટતા અનુભવાય છે. નવી પેઢીના સંસ્કારો ક્યારેક જૂની પેઢીને કઠતા લાગે. દરેક યુગે કે પેઢીએ એ અનુભવાતું હોય છે.

રાજય - રાષ્ટ્ર કે વિશ્વના માનવસંબંધોને પુલકિત કરે એવા સંસ્કારોનું શિક્ષણ આપણા સૌની અનિવાર્ય જરૂરિયાત છે. જીવન એક કલા છે. કલામય, રસમય, સર્વગમ્ય જીવન ન્યાય, નીતિ, વિવેક અને વ્યવહાર વિના શકય જ નથી. મોટી ડીગ્રી, ઊંચા પદની નોકરી કે ઘણો પૈસો પોતાને ભલે બધું સુખ આપતા હોય પણ સમાજ માટે એટલા સંતોષ આપનારા બનતા નથી. માણસ સામાજિક પ્રાણી છે અને એ નાતે સમાજને સંતોષ આપે કે આનંદ આપે એવું કલામય જીવન દરેકની પાસે હોય એ અતિ આવકાર્ય બાબત છે.

સાહિત્ય જીવન જીવવાની કલા શીખવે છે. કોઈ પણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી હોય, કોઈપણ વ્યવસાયનો હોય, કોઈપણ સમાજ કે ધર્મનો હોઈ, કોઈપણ પક્ષ કે વાદનો હોય, કોઈપણ પ્રદેશ- પ્રાંતનો હોય, કોઈપણ વય-કક્ષાનો કેમ ન હોય. તેણે સાહિત્યના સંપર્કમાં હોવું જરૂરી છે. આ બધું બધાને લાગુ પડતું નથી. પણ જેમને સ્પર્શે છે તેમણે ઉત્તમ કૃતિઓનું પઠન કરવું જરૂરી છે. દુનિયાની મહત્ત્વની દરેક ભાષાની પાસે ઉત્તમ સર્જકોની ઉત્કૃષ્ઠ કૃતિઓની માતબર સંખ્યા છે. આપણે આપણી માતૃભાષાની

કૃતિઓથી જ એનો આરંભ કેમ ન કરીએ ?

સાહિત્યકાર પોતાના સાહિત્ય દ્વારા અનેરો આનંદ આપે છે. તેમાંથી પરોક્ષ રીતે ઉપદેશ પ્રાપ્ત થાય છે. સાત્વિક સાહિત્યથી સંસ્કારોનું સંવર્ધન થાય છે. જીવન ઊર્ધ્વગામી બને છે, વ્યવહાર પ્રશંસનીય બને છે. સાહિત્યકાર માત્ર સમાજની વાસ્તવિકતાનું નિરૂપણ નથી કરતો, પરંતુ પોતાની દૂરગામી દૃષ્ટિથી સત્યનું પ્રગટીકરણ કરે છે. સાહિત્યકાર ભલે સમાજથી દૂર જઈને સર્જન કરે, તેમ છતાં તેની રચનાઓમાં સમાજનો પ્રભાવ જોવા મળવાનો. એટલે કે સાહિત્ય અને સમાજનો સંબંધ અવિભાજય છે. સાહિત્યનો પરમ હેતુ આનંદપ્રાપ્તિનો છે. તે સર્જકની રચના દ્વારા પૂર્ણ થાય છે. સાહિત્યકાર સમાજના લોકોને પોતાની ખામીઓનું નિવારણ કરવા માટે અનુરોધ કરે છે અને સંસ્કાર ઘડતરમાં ઉપયોગી નીવડે છે. સાદું જીવન, ઉચ્ચ વિચાર તે ગાંધીયુગની રચનાઓથી વધુ પ્રચાર પામ્યા હતા. મેઘાણીની રચનાઓથી રાષ્ટ્રભાવનાનો વિકાસ થયો હતો. આમ સમાજના લોકોનું યુગે યુગે સાહિત્ય દ્વારા ઘડતર થાય છે. સાહિત્ય અને સમાજ શ્વાસ-પ્રાણની જેમ અભિન્ન રીતે જોડાયેલા છે. સર્જક સમાજમાંથી પ્રેરણા મેળવે છે. એટલે સમાજ એ સાહિત્યનું પ્રેરક તત્ત્વ છે. સાહિત્યમાંથી સમાજના લોકો પણ પ્રેરણા મેળવે છે. સાંપ્રત સમયમાં ક્યારેક એમ લાગે છે કે તેમના પાલકો માત્ર સંતાનોને પૈસા જ પૂરા પાડે છે. સંસ્કાર માટે સભાન નથી. તેવા સંજોગોમાં પોતના સંતાનોને સાહિત્ય સુધી પહોંચાડવા, પ્રોત્સાહિત કરવા એ આપણા સૌની ફરજ છે. શાળા - કોલેજો - શિક્ષણ સંસ્થાઓ વગેરે વર્ગખંડ અને વર્ગખંડની બહાર પણ એ પુણ્યકાર્ય કરી રહી છે. જે ઉજ્જવળ ભાવિનો સંકેત છે.

વિદ્યાર્થીઓ કોલેજમાં પ્રવેશ પામે છે ત્યારે કોઈ ચોક્કસ લક્ષ્ય સિદ્ધિના મનોરથ સાથે આવે  પોતાના સ્વપ્નો સાકાર કરવાના ઉત્સાહ સાથે કાર્યરત રહે છે. શિક્ષણની સાથે ઈતર પ્રવૃત્તિ પણ શિક્ષણનો જ એક ભાગ બને છે. પરિણામે રમત-ગમત, નિબંધલેખન, વક્તૃત્વ, કલાકૌશલ નૃત્ય, N.C.C., N.S.S. જેવી વિવિધ પ્રવૃત્તિઓ સાથે તેમનો નાતો રહે છે. વિદ્યાર્થીઓની આવી વિવિધ તથા સર્જનાત્મક પ્રવૃત્તિઓ તેમની પ્રગતિની પારાશીશી છે. વિદ્યાર્થીઓની મૌલિક કૃતિઓને 'વિમલ' માં પ્રગટ કરી પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ તબક્કે 'વિમલ' માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન આપનાર તથા સહાયરૂપ થનાર વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ દેસાઈ, ટ્રસ્ટીશ્રી સલીમભાઈ પટેલ, માનદ્‌મંત્રીશ્રી દર્શનભાઈ દેસાઈ, ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મુકેશભાઈ પટેલ, ટિચીંગ-નોન ટીચીંગના સ્ટાફ સભ્યો, જી.એસ. રોનિશ શાહ તથા વિદ્યાર્થી મંડળના હોદ્દેદારો પ્રતિ કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

# આચાર્યશ્રીની કલમે...

- ડૉ. મુકેશ ડી. પટેલ

શ્રી એમ.આર.ડી. આટ્સ એન્ડ ઈ. ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ, ચીખલીનો પ્રારંભ ઈ.સ. ૧૯૬૯માં થયો હતો. ઘણી જ મુશ્કેલ પરિસ્થિતિ સામે અડગ ઊભા રહી આ કોલેજને જીવનદાન આપનાર વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટના પાયાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી સ્વ. મોહનકાકાને આ તબક્કે મારાં સાદર પ્રણામ....

સામાન્ય રીતે દરેક સંસ્થાનો આંતરધ્વનિ - ઊર્ધ્વગામી સર્વાંગી વિકાસનો હોય છે. વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ, ચીખલી સંચાલિત આ કોલેજના આરંભથી આજ સુધીની વિકાસયાત્રા તરફ નજર નાંખતા સમજાશે કે એક ગામડાના પરિવેશમાં ઊભી થયેલી આ કોલેજે એના કાર્યક્ષેત્રમાં આવતી વિવિધ બાજુનાં વિવિધ પાસાઓને પહેલદાર ઓપ આપી આકર્ષક બનાવી છે. ગામડાના વિદ્યાર્થીઓની શિક્ષણભૂખને પરિતોષવાનું પુનિત કાર્ય કરી શિક્ષણની જ્યોતને અખંડ પ્રકાશતી રાખી છે. એ વિકાસયાત્રામાં વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, મંત્રીશ્રી તથા સભ્યોનો ફાળો નાનોસૂનો નથી. તો આજ પર્યન્તનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓની નિષ્ઠા, પ્રેમ અને ઉત્સાહની સુવાસ પણ એમાં સંમિલિત છે. કોલેજના આવા પર્યાવરણમાં કોલેજનું સુકાન તા. ૧-૧૦-૨૦૧૩ થી મને સોંપવામાં આવ્યું તેનો મને આનંદ અને ગર્વ છે. મારા કાર્યકાળ દરમિયાન જે પ્રવૃત્તિઓ થઈ છે. જે વાર્ષિક પરિણામો આવ્યાં છે, તે પ્રગતિનો માપદંડ છે. કોલેજ મેગેઝિન 'વિમલ' આપના હાથ સુધી પહોંચાડતા આનંદ થાય એ સહજ છે.

□□□

# શુભેચ્છા

- અરવિંદભાઈ દેસાઈ

વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી એમ. આર. ડી. આર્ટ્સ એન્ડ ઈ. ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ, ચીખલીએ લાંબી મજલ સફળતાપૂર્વક પસાર કરી છે. તેમજ હજુ પણ ઉન્નતિના નવા શિખરો સર કરવા કટિબધ્ધ છે અને તેના પરિણામે જ દક્ષિણ ગુજરાતમાં નામના પ્રાપ્ત કરી છે. આદિવાસી વિસ્તારના અનેક વિદ્યાર્થીઓ માટે આ કોલેજે જ્ઞાનપિપાસા પરિતૃપ્ત કરવા માટે વિશિષ્ટ યોગદાન આપ્યું છે અને હજુ પણ સ્નેહ, સંનિષ્ઠા, સૌજન્ય અને પુરુષાર્થ દ્વારા વિકાસના દ્વારો ખોલીને વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદર્શક કે માર્ગદર્શક બની રહેવામાં પૂરેપૂરી સક્રિયતા દાખવવામાં આવે છે.

અમારી આ સંસ્થાએ કેટલાયે વિદ્યાર્થીઓની કારકિર્દી ઉજ્જવળ બનાવવામાં યશસ્વી ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે. એ માટે અમારા ટ્રસ્ટીમંડળ, આચાર્ય, અધ્યાપકો તેમજ કર્મચારીગણ હરહંમેશ તત્પર રહે છે તેના પરિણામે અમારું નામ ઉજ્જવળ અને ઉન્નત બની શક્યું છે.

વિદ્યાર્થીઓ પોતાની જિંદગીમાં પગભર બનીને અન્યને પણ ઉપકાર, મદદરૂપ કે પ્રોત્સાહક બને, એ પણ ખૂબ જરૂરી છે. અને એ અંગેની કેળવણી પણ કોલેજ શિક્ષણની સાથે સાથે પરોક્ષરૂપે પ્રાપ્ત થાય છે અને તેના કારણે તેઓ એક આદર્શ માનવી બનવા માટે પણ તત્પર કે ઉત્સુક હોય છે. આમ, આજનું શિક્ષણ માત્ર વ્યવસાયી શિક્ષણ ન બની રહેતા માનવવ્યવહારને પણ ઉમદા અને જાગૃત બનાવે એવી સાંપ્રત સમયમાં તાતી આવશ્યક છે.

□□□

# સંદેશો

- દર્શનભાઈ દેસાઈ

મિત્રો,

આપ સૌ શ્રી એમ. આર. ડી. આર્ટ્સ એન્ડ ઈ. ઈ. લહેર કોસાડિયા કોમર્સ કોલેજ, ચીખલીમાં અધ્યયન કરી રહ્યા છો. એ બદલ હાર્દિક ધન્યવાદ પાઠવું છું. આપ સૌ ખૂબ જ પ્રગતિ કરીને આપનું નામ અને સંસ્થાનું નામ રોશન કરો, એવી શુભકામનાઓ.

સાંપ્રત સમયની પરિસ્થિતિ ખૂબ વિકટ અને વિષમ હોય તો શિક્ષણ સંસ્થાઓ દ્વારા, માર્ગદર્શક દ્વારા, વિવિધતા અને વિશિષ્ટતા પ્રગટાવીને આગળ વધી શકાય છે. સૌએ સ્વકીય પ્રતિભા કે સમજ દ્વારા પોતાનો માર્ગ કાઢીને જીવનમાં સ્થિરતા, સ્નેહ અને સૌજન્ય પ્રગટાવવાનું છે. સૌએ આગળ વધવાનું છે ઉન્નતિના માર્ગે આગળ વધવાનું છે આગળ વધીને માર્ગદર્શક પણ બનવાનું ધ્યેય રાખો તો જીવનમાં અવશ્ય સફળતા મેળવશો. સતત પ્રવૃત્તિશીલ કે કાર્યશીલ રહેશો, તો જ આગળને આગળ વધી શકશો. નિષ્ક્રિયતા બરબાદી નોતરે છે. સક્રિયતા આબાદીને આવકારે છે. સતત ને સતત આગળ વધવાનું જ લક્ષ્ય રાખશો તો ઝળહળતી સફળતા આપોઆપ આવશે. રોબર્ટ ફ્રોસ્ટે પણ કહ્યું છે :

"And miles to go before I sleep
And miles to go before I sleep" ,

આપ સૌને મારી હાર્દિક શુભેચ્છાઓ.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| સંપાદકીય | - શંકર પટેલ | ૩ |
| શુભેચ્છા | - અરવિંદભાઈ દેસાઈ | ૬ |
| સંદેશો | - દર્શનભાઈ દેસાઈ | ૭ |
| આચાર્યશ્રીની કલમે... | - ડૉ. મુકેશ ડી. પટેલ | ૮ |
| ગુરુમહિમા | - પટેલ વિભૂતિ એ. | ૨૫ |
| ઝાકળ | - શેફાલી ડી. પટેલ | ૨૬ |
| મારી કોલેજ | - પટેલ તજના જી. | ૨૭ |
| અમે તો અર્થશાસ્ત્રી..... | - પ્રા. કુરેશી નસરીનબાનુ વાય. | ૨૮ |
| જનકજાનકીનો પ્રણય | - પટેલ વિભૂતિ એ. | ૨૯ |
| अभिज्ञान शाकुन्तलम्– ધરાથી આકાશ સુધી | - પ્રા. નયના કલ્પેશ નાયક | ૩૩ |
| વિનયન પ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિના લાભાલાભ | - આહીર તેજલકુમારી પી. | ૪૦ |
| જીવનકળાનો ગ્રંથ ગીતા | - રવિ એન. પટેલ | ૪૩ |
| વાંચન : જિંદગીની પૂર્ણતા | - મિસ્ત્રી તેજસકુમાર આર. | ૪૭ |
| ભારતીય સંસ્કૃતિ | - પટેલ વીણા નરેન્દ્રભાઈ | ૫૦ |
| गोदान :समीक्षा | – डॉ. मुकेश डी. पटेल | ५४ |
| *Economic Development and Environmental Issues:* | - Prof. : V. M. Desai | ૫૬ |
| *Mysticism in Wordsworth's Lucy Poem* | - *Dr.Abhidha Adeshra* | ૬૪ |
| 'લયલીન'માં અધ્યાત્મની કવિતા | - પ્રા. શંકર પટેલ | ૬૭ |
| માતૃભાષામાં શિક્ષણની અનિવાર્યતા | - પ્રો. રમીલાબેન નાયક | ૭૩ |
| સંસ્કાર | - પ્રા. દક્ષાબેન પી. પટેલ | ૭૬ |
| નોબેલ પુરસ્કૃત : અમર્ત્ય સેન | - પ્રા. તરૂલત્તા માહ્યાવંશી | ૭૯ |
| સૂર્યોપાસના સાથે સૂર્યનમસ્કાર | Asst. Prof.: Dr. Jaymal S. Naik | ૮૧ |
| Fitness and Aerobics | Asst. Prof.: Dr. Jaymal S. Naik | ૮૪ |

# વિમલ ઉચ્ચતર કેળવણી ટ્રસ્ટ, ચીખલી

## ટ્રસ્ટીગણ



શ્રી અરવિંદભાઈ એમ. દેસાઈ
મેનેજિંગ ટ્રસ્ટી



શ્રી સલીમભાઈ એફ. પટેલ
ટ્રસ્ટી



શ્રી દર્શનભાઈ એ. દેસાઈ
ટ્રસ્ટી અને માનદમંત્રી



શ્રીમતી સુવર્ણાબેન એ. દેસાઈ
ટ્રસ્ટી



શ્રીમતી ફરીદાબેન એસ. પટેલ
ટ્રસ્ટી



શ્રીમતી સોનલબેન ડી. દેસાઈ
ટ્રસ્ટી



શ્રી મહેશભાઈ એ. દેસાઈ
ટ્રસ્ટી



શ્રી ગુલાબભાઈ જીવણજી પટેલ
ટ્રસ્ટી



શ્રી જગાભાઈ ગોપાળભાઈ પટેલ
ટ્રસ્ટી

# SHRI M. R. DESAI ARTS & SHRI E. E. LAHER KOSADIA COMM. COLLEGE, CHIKHLI - 2014 - 15

## TEACHING STAFF

| Sr.No. | NAME OF EMPLOYEE | DESIGNATION | |
|---|---|---|---|
| 1 | Dr. M. D. Patel | I. C. Prin. |  |
| 2 | Dr. Y. J. Desai | Asst. Prof. |  |
| 3 | V. M. Desai | "" |  |
| 4 | D. S. Rathod | "" |  |
| 5 | S. B. Patel | "" |  |
| 6 | Smt. R. B. Naik | "" |  |
| 7 | Smt. D. P. Patel | "" |  |
| 8 | Smt. I. B. Patel | "" |  |

| Sr.No. | NAME OF EMPLOYEE | DESIGNATION | |
|---|---|---|---|
| 9 | ""“S. G. Kokani | |  |
| 10 | Smt. N. K. Naik | Asst. Prof. |  |
| 11 | C. D. K. Patel | "" |  |
| 12 | Smt. M. R. Desai | "" |  |
| 13 | Smt. C. D. M. Patel | "" |  |
| 14 | Dr. A. J. Adeshra | "" |  |
| 15 | A. C. Patel | "" |  |
| 16 | Dr. J. S. Naik | Adhyapak Sahayak (PTI) |  |
| 17 | Smt.H. N. Desai | Part Time |  |

# SHRI M. R. DESAI ARTS & SHRI E. E. LAHER KOSADIA COMM. COLLEGE, CHIKHLI - 2014 - 15

## OFFICE STAFF

| Sr.No. | NAME OF EMPLOYEE | DESIGNATION | |
|---|---|---|---|
| 1 | Shri V. C. Lad | Accountant |  |
| 2 | Shri C. R. Patel | Head Clerk |  |
| 3 | Smt.M. A. Naik | Sr. Clerk |  |
| 4 | Shri R. K. Gandhi | " |  |
| 5 | Shri N. H. Patel | Jr. Clerk |  |
| 6 | Shri S. R. Patel | " |  |

# SHRI M. R. DESAI ARTS & SHRI E. E. LAHER KOSADIA COMM. COLLEGE, CHIKHLI - 2014 - 15

## MANNUAL STAFF

| Sr.No. | NAME OF EMPLOYEE | DESIGNATION | |
|---|---|---|---|
| 1 | Shri K. M. Varma | Head Peon |  |
| 2 | Shri R. B. Patel | Peon |  |
| 3 | Smt. T. B. Patel | ” |  |
| 4 | Shri S. R. Chauhan | ” |  |
| 5 | ShriR. B. More | ” |  |

# SHRI M. R. DESAI ARTS & SHRI E. E. LAHER KOSADIA COMM. COLLEGE, CHIKHLI - 2014 - 15

## ADHOAK STAFF

| Sr.No. | NAME OF EMPLOYEE | DESIGNATION | |
|---|---|---|---|
| 1 | Shri S. M. Patel | Jr. Clerk, Dr. Babasaheb Open Uni. |  |
| 2 | Smt.T. M. Rathod | Adhoak Adhayapk |  |
| 3 | Kum. A. D. Rathod | " |  |
| 4 | Shri P. B. Patel | " |  |
| 5 | Smt. D. K. Ahir | " |  |
| 6 | Smt. L. S. Patel | Lib. Clerk |  |

# SHRI M. R. DESAI ARTS & SHRI E. E. LAHER KOSADIA COMM. COLLEGE, CHIKHLI - 2014 - 15

## ADHOAK STAFF

| Sr.No. | NAME OF EMPLOYEE | DESIGNATION | |
|---|---|---|---|
| 7 | Kum. Jyotiben Patel | Adhoak Clerk |  |
| 8 | Kum. B. M. Patel | Watchman |  |
| 9 | Shri Ankur Pande | Watchman | |
| 10 | Shri J. V. Garasiya | Sweeper |  |
| 11 | Shri D. L. Patel | " |  |
| 12 | Shri Yogesh Patel | Peon |  |

# વિદ્યાર્થીમંડળ : મંત્રીગણ

સાંસ્કૃતિક સમિતિ



વિરલ આહિર

જનરલ સેક્રેટરી



રોનીશ શાહ

નાણાં સમિતિ



જીનલ શર્મા

પ્લાનિંગ ફોરમ

મેગેઝિન સમિતિ



અર્જુન બી. પટેલ

સાહિત્ય વાદસભા

પ્રવાસ સમિતિ



રાકેશ પટેલ

એમ.કોમ.સેમ.– ૨



ભોય રાહુલ ટી.

જિમખાના સમિતિ



અંકિત જે. પટેલ














વાર્ષિકોત્સવ
Tally
Planet
THE COMPUTER ACADEMY








Planet




Planet











સરિતા ગાયકવાડ (યુનિ.એથ્લેટીક્સ મીટ 2014-15)



યુનિ.ની સૌથી ઝડપી દોડવીર (સરિતા ગાયકવાડ)



ઈન્ટર કોલેજ ખોખો (બહેનો) રનર્સ અપ



પ્રવેશોત્સવ ૨૦૧૪-૧૫





વૃક્ષા રોપણ કાર્યક્રમ NCC/NSS




NCC નવા કેડેટ્સ માટે મોટીવેશન કાર્યક્રમ



NSS કેમ્પઃ કુકેરી વાત્સલ્ય ધામ




રન ફોર યુનિટી



ગ્રાહક સુરક્ષા જાગૃતિ





સફાઇ કાર્યક્રમ



મોહનકાકાની ૧૦૦મી જયંતી નિમિત્તે
શંકરસિંહ વાઘેલાના હાથે સરિતાનું સન્માન



ખોખો (બહેનો) પ્રેક્ટીસ






CATC Camp Aug. 2014 (NCC)









સ્નેક શો





સફાઈ ઝુંબેશ



પી.ટી. ઉષા સાથે સરિતા ગાયકવાડ



સફાઈ કાર્યક્રમ

# વિધવા સહાય કાર્યક્રમ


































રાષ્ટ્રીય કક્ષાનો હિન્દી સેમીનાર

સ્ત્રી સશક્તિકરણ કાર્યક્રમ





પ્રવેશોત્સવ

# ગુરુમહિમા

બહુ જતન કરી ઉછેર્યા, પોતાના દીકરા-દીકરી ગણી,
તન-મનથી ભણાવ્યા, બનાવ્યા અમને વિષયવ્યાપી,
કદી ન હિંમત હારવા દીધી, એમના હકારાત્મક વલણથી.

ત્રણ વર્ષમાં સૌએ દીધું, અમને જીવનશિક્ષણ પ્રેમથી,
અભ્યાસ જોડે અર્પણ કર્યું, સંસ્કારસિંચન સાચા દિલથી,
જાગૃત કર્યા સહુએ, અમને સફળતાના શિખર સુધી.

આદર્શ એક અધ્યાપક બની, વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું લગનથી,
આવડત જાણી દરેકની ખિલવી સુષુપ્ત શક્તિ સ્નેહથી,
થયાં વર્ષો પૂર્ણ મસ્તીથી, જાણી શક્યાં નહિ તન-મનથી.

અપરંપાર છે મહિમા ગુરુતણો, જાણી શક્યા નહીં કોઈ,
થઈ જાય બેડો પાર, જો મળે આપના જેવા ગુરુ કોઈ,
તો તો જીવનભર યાદ કરે ગુરુપૂર્ણિમા સૌ કોઈ.

પટેલ વિભૂતિ એ.
ગુજરાતી બી.એ.સેમ.૬
રોલ નં. ૩૩૫

# ઝાકળ

વહેલી પરોઢિયે
જાગીને જોયું તો
બિછાને ચાદર !
બારી બહાર ડોકિયું
કરતાં જોયું તો
ધરતીએ ઓઢી'તી ચાદર !!
મનડાએ પૂછ્યું -
નયનોને
કોણ હશે
આ પાથરનાર ચાદર ! ! !

શેફાલી ડી. પટેલ
ટી.વાય.બી.એ.

# મારી કોલેજ

શું છે
આ કોલેજમાં ?
કેવી છે
આ કોલેજ ? ?
એનો જવાબ છે :
ચીખલીથી થોડુંક જ દૂર
સફળતાની આબોહવાનું
આ છે વિદ્યાધામ.
વિશાળ લાઈબ્રેરી ને અદ્યતન ઉપકરણો છે,
છે મોટું મેદાન ને બગીચો પણ મનમોહક છે
તેથી તો આ વિદ્યાધામ
સૌને ગમે છે.
જ્ઞાનતણુ આ વિદ્યાધામ,
છે સરસ્વતીનો વાસ
નથી સ્થાન અહી અજ્ઞાનને
બધે
ફુવારા....ફુવારાઓ...
વિદ્યાભ્યાસના !
વરસે છે,
જ્ઞાનરૂપી અમૃત.
ઉમદા કારકિર્દી જ એનો ઉદ્દેશ -
બને છે સફળતાનું જ એ લક્ષ્ય
સદ્ભાગ્ય અમારું
મળ્યું અમને
વિદ્યાવિહારનું ઉત્તમ ધામ.

પટેલ તજના જી.
ટી.વાય.બી.એ., ગુજરાતી
રોલ નં. ૩૨૯

□□□

# અમે તો અર્થશાસ્ત્રી.....

અમે તો અર્થશાસ્ત્રી, અમે તો અર્થશાસ્ત્રી,
ફુગાવા અને મંદીના છે અમે રેફરી,
દેશના વિકાસની અમે આપીએ ખાતરી
અમે તો અર્થશાસ્ત્રી........

ભારતીય અર્થતંત્રની બહાર પાડીએ ચોપડી,
વિશ્વ આખામાં કરીએ રોકડી,
અમે તો અર્થશાસ્ત્રી........

ગરીબી-બેકારી, સમતુલા-અસમતુલામાં અમે કયારેય ન પડીએ ભૂલા
*રાષ્ટ્રીય હોય કે આંતરરાષ્ટ્રીય વેપારની અમારી પાસે તુલા*
અમે તો અર્થશાસ્ત્રી........

આયાત-નિકાસ, ખાદ્ય-પુરાંતનું રાખીએ અમે ધ્યાન,
નાણાકીય નીતિ, રાજકોષીયનીતિ, વેપારનીતિથી નથી અમે બેધ્યાન,
અમે તો અર્થશાસ્ત્રી........

ઔદ્યોગિક, કૃષિ અને સેવાક્ષેત્રમાં અમે કરીએ નોકરી
વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારના ક્ષેત્રની કરીએ અમે ચાકરી,
અમે તો અર્થશાસ્ત્રી........

બજેટ સારું અપાવી અમે મેળવીએ માન,
તેથી World Bank, W.T.O., IMF માં છે અમારું સ્થાન,
અમે તો અર્થશાસ્ત્રી........

□□□ - પ્રા. કુરેશી નસરીનબાનુ વાય.
અર્થશાસ્ત્ર વિભાગ

# જનકજાનકીનો પ્રણય

- પટેલ વિભૂતિ એ.
ગુજરાતી વિભાગ,
ટી.વાય.બી.એ.

ફેસબુક આઈ ડી પર મૂકેલ ચાંદનીના સુંદર ફોટાને જોઈને આકાશ ચાંદની પર Request મોકલે છે.

Akash Chauhan Wants to be friends on Face book, replay "1" to confirm or go to !
http ://fb. mel ABC 143 xyz.
To Replay send SMS to
01234567890

ચાંદની

Chauhan Chandni Accepted your friend request Replay to send her a message or visit her a message or visit her profile at
http ://fb. me / APQR OO ABCDE
0 9876543210

આકાશ આ મેસેજ તેના ફેસબુક આઈડી પર જુએ છે અને ખુશ થઈ જાય છે. એમની મિત્રતા નેટ પર થઈ ત્યારપછી એકબીજાને મેસેજ કરતાં રહે છે.

આકાશ :-

Rishta banaya hai to dil se nibhayenge har pal Apko hasayenge, Shayad Apko fursad nahi hame yaad karne ki, hum hi 'Miss u" keh k Apni yaad dilayenge.

ચાંદનીના મેસેજ ના આવે એટલે આકાશ એને આવા મેસેજ કરે છે. પછી ચાંદની પણ મેસેજ કરે છે.

ચાંદની :-

"Riste wo hi nahi jisme roj baat ho
RISTE wo b nahi jisme her roj sath ho

Riste to wo h jisme
Kitni b duriya ho
lekin
Hmesha
Apno ki yaad Ho."
આ રીતે ચાંદની એનો પ્રત્યુત્તર આપે છે.

આકાશ . : How are you Chandni ?

ચાંદની : Fine & you ?

આકાશ : Fine

આવી રીતે દરરોજ મેસેજ કરતાં અને વાતચીત કરતાં રહેતાં તેમની મિત્રતા ખૂબ જ ગાઢ બનતી ગઈ. અને અંતે આકાશ કહે - I Love you, Miss you, In sd. by.

ચાંદની - Dear same to you.

એક દિવસ ચાંદની ચેટિંગ કરતાં કરતાં આકાશને અનાયાસ જ પ્રશ્ન પૂછે છે.

Akash What is your Age ?

આકાશ : 67 years.

ચાંદની : Whats !

આકાશ : Yes, 67 years

and yours her Age ?

ચાંદની : 31 years

આકાશ આશ્ચર્ય સાથે Whats....?!

ઉંમરની આ ચર્ચા પછી ચાંદની આકાશને સમજાવે છે. હું તો તમારી દીકરી સમાન થઈ, તો..તો...

ચાંદની નેટ પર આકાશને ખૂબ જ સમજાવે છે. પણ આકાશને કશું સમજમાં આવતું નથી.

આકાશ : But ચાંદની આ વાત કઈ રીતે શકય બને ?

ચાંદની : આપણી વચ્ચે મિત્રતા નેટ પર થઇ તો આપણા વચ્ચે બાપ-દીકરીના સંબંધ ક્યાંથી આવ્યા ? આકાશ હું તમને ભૂલી શકું એમ નથી, અને વળી આકાશને પ્રેમી મિત્ર તરીકે સ્વીકારવા પણ તૈયાર નથી.

આકાશ : પોતાના દિલ પર પથ્થર રાખી ચાંદનીને કહે છે, હવે તું મને ફેસબુક આઈડીમાંથી ડિલીટ કરી નાંખ અને તારા લાઈફમાંથી પણ મને ડિલીટ કર.

ચાંદની : પણ આકાશ મારા માટે આ વાત ગળે ઉતરે એ શક્ય જ નથી. હું તમને ભૂલી કઈ રીતે શકું ? આજે કામ છે કાલે વાત કરીએ By. Gn, Sd.

ચાંદની થોડા દિવસ માટે પોતાના પિયર રહેવા આવે છે. એની મા પહેલાંથી જ ક્લોઝ હોય છે. તેથી એ વિચારે છે કે આ વાત માને કહું. એવામાં અચાનક જ એની મા એની લાઈફ વિશે પૂછે છે. ત્યારે માથી કોઈ વાત છૂપી રહી શકતી નથી અને માતા વર્ષાને વાત જણાવે છે. પણ એની માતા બિઝનેશના કામમાં વ્યસ્ત હતી તેથી કહે છે, મારું કામ પૂરું કરી લઉં પછી નિરાંતે રાત્રે વાતો કરીએ. સારું મમ્મા, પરંતુ મમ્મા સાચું કહી દે અત્યારે એક પ્રશ્નનો જવાબ પપ્પા છે ? મા કહે છે હા, તો સારું. સાંજે મળીએ, રાત્રિ થતાં જ બંને બગીચામાં બેસે છે.

વર્ષા : જો બેટા હું તને દુઃખી જોવા નહોતી માંગતી એટલે આજ સુધી તારા પાપાની વાત છૂપાવી છે. આજે વાત નીકળી જ છે તો કહું. તારા પાપા ક્યાં છે. તેની મને ચોકકસ ખબર નથી, પરંતુ હયાત છે અને તારી એક બહેન પણ છે.

ચાંદની : મમ્મા : તમે આ શું કહી રહ્યા છે ?

વર્ષા : સાચું છે એ જ.

ચાંદની : ક્યાં રહે છે એ ?

વર્ષા : અત્યારે ક્યાં રહે એની ખબર નથી પરંતુ અમદાવાદ આપણું મૂળ વતન હતું, સાંભળ....

તું મારી બીજી દીકરી છે તેથી તારા પાપા, દાદા-દાદીને એ પસંદ ના હતું. તેમને દીકરો જોઈતો હતો તેથી મને અબોર્શન કરવા માટે કહેતા હતા. મને તેમના અત્યાચાર સહન ન થયા તેથી હું ઘર છોડીને નીકળી ગઈ અને તારા નાનાજીએ બિઝનેશ મારા નામ પર કરી આપ્યો. બિઝનેશ કરીને મારું અને તારું થઈ રહે એવી સમજ મને હતી. તેથી મેં પણ ત્યાં ફરી ન જવાનો નિશ્ચય કર્યો હતો. મોટી શિલ્પાને મારાથી લઈ લીધી હતી. હું પિયર રહી ત્યાં જ તારો જન્મ થયો અને અહીં આપણે રાજકોટમાં રહીએ છીએ, ત્યારથી પાપા જોડે આપણો કશો સંબંધ રહ્યો નથી.

ચાંદની વર્ષાની વાત સાંભળીને રડી પડે છે.

વર્ષા : ચાલ હવે કાલે સવારે ચર્ચા કરીશું, મોડું થઈ ગયું છે, ચાલ સૂઈ જઈએ. ઓકે મમ્મા, ગુડ નાઈટ.

મમ્મી જોડે વાત થયાં પછી ચાંદનીને ઊંઘ આવતી નથી, એ નેટ ઓપન કરે છે અને આકાશને આ સરનામે બોલાવે છે. 5 Star Hotel, Rajkot મને કાલે ને કાલે સાંજે પાંચ વાગ્યે તમે મળો, તમારી જોડે અગત્યની વાત કરવી પડે એમ છે.

આકાશ : કાલે ! પરંતુ મારાથી કાલે આવી શકાય એમ નથી.

ચાંદની : વાત અગત્યની છે તેથી મહેરબાની કરી આવો.

વર્ષા અને ચાંદની બંને જોડે જાય છે. પરંતુ વર્ષા ત્યાં જતી નથી, સંતાઈને એમની વાતચીત સાંભળે છે અને એમને જોઈ લે છે. આકાશને જોતાં જ વર્ષા આશ્ચર્ય સાથે ''આકાશ...આકાશ...ઓહ માય ગોડ ! આ તો આકાશ જ છે.'' જયાં બંને બેઠા હોય ત્યાં જઈને.

વર્ષા : આ તો તારા પિતા છે.

ચાંદની : શું...?!

વર્ષા : હા

આકાશ : વર્ષા તું....!

ચાંદની - અશ્રુ સાથે....

પાપા શું તમને હું ભાર રૂપ લાગતી હતી કે તમે મને આ દુનિયામાં આવવા માટે રોકવા માંગતા હતા, શા માટે પાપા ? વર્ષા તો ત્યાં વધારે સમય થોભી પણ નહીં. ચાંદનીને, પાપાને વળગીને રડવાનું, લડવાનું મન થાય છે. પરંતુ તે કશું બોલતી નથી. અશ્રુધારે માત્ર પિતાને ટગર - ટગર જોયા કરે છે.

આકાશની આંખમાંથી અશ્રુ ખરે છે, ચાંદનીના માથે હાથ ફરે છે, બન્નેને લઈ તે ઘરની દિશા તરફ વળે છે.

□□□

# अभिज्ञानशाकुन्तलम्– ધરાથી આકાશ સુધી

પ્રા. નયના કલ્પેશ નાયક
- સંસ્કૃત વિભાગ

સાહિત્ય ઈતિહાસ નથી, પરંતુ ઈતિહાસના પાત્રોને, પ્રદેશોને, સભ્યતાને, સમાજને, સંસ્કૃતિને અનોખી રીતે રજૂ કરનારું સાહિત્યકાર તરફથી પ્રાપ્ત થયેલ અણમોલ નજરાણું છે. સાહિત્યકાર પોતાની આગળ દૃષ્ટિથી વરવાં, કદરૂપાં, કાંટાળા યથાર્થને પણ કમનીય, અમૃતમય બનાવી દે છે. કવિનો સ્પર્શ તો આત્માની અ-મૃત કલા બની જાય એવો હૂંફાળો, સુંવાળો, મૃદુ હોય છે.

શ્રી કુમારપાળ દેસાઈ સાચું જ કહે છે 'એ કવિઓ દીર્ઘદ્રષ્ટા હતા. વેરઝેરને ગાળી નાખી પ્રેમના ફાલ ઉતારનારા હતા. ઈતિહાસના જનસમૂહના વેરઝેરને પૃથ્વીમાં ઊંડે ઊંડે ધરબી, એનું ખાતર કરી, એમાંથી એક નમૂનેદાર બાગ રચનારા એ બાગબાનો હતા. જેને પત્તે પત્તે રસ, જેની ડાળે ડાળે મઘમઘતાં ફૂલ શોભતાં હોય, એવાં એ અમરવૃક્ષોને ઉછેરનારા હતા. જેને સમય સૂકવી ના શકે. યુગ કરમાવી ના શકે.' (ઈંટ અને ઈમારત - ગુજરાત સમાચાર)

કવિ પરમપુરુષ જેવો તટસ્થ દ્રષ્ટા હોય છે. જે કથાના પાત્રોમાં રહેલી સારપને નિહાળી પોતાની કલ્પનાની પાંખે યથાર્થને પૃથ્વીથી - ધરાથી આકાશ-અંતરિક્ષ સુધી ઉડાડવાની અને સાથે સાથે સમાજ ક્યાંય છૂટી ન જાય, સંસ્કૃતિ અને સભ્યતા ક્યાંય ચગદાય કે કચરાય ના જાય તે માટે સાદ્યંત પ્રયત્ન કરે છે અને ત્યારે રચાય છે (સર્વોત્તમ) પ્રશિષ્ટ કૃતિ. કવિ इदं मम થી इदं न मम સુધીની યાત્રા કરાવી શકે છે. તેના ઉદ્ગારોનો આરંભ વ્યક્તિથી, સ્વથી થાય અને તેનો વ્યાપ સમષ્ટિ સુધી, વિશ્વ સુધી, વસુધૈવ કુટુમ્બ સુધી પ્રસરી જાય. તેના સ્પંદનો પ્રાચીનથી સાંપ્રત અને પ્રાંતીયથી

વિશ્વ સુધી સર્વત્ર એક સરખી ગતિમાં પ્રસરે છે. આવી અમરવેલના રખોપા કરનારા કવિઓનો સમાજ હમેશાં ઋણી રહેશે. કવિ જગતને સાહિત્યકલા દ્વારા બ્રહ્માનંદ સહોદર આનંદ સાથે શ્રેય, પ્રેયની પ્રાપ્તિ કરાવી શકે છે.

આવા અમૃત તત્ત્વને ઝીલનારા અને તેનું રસપાન કરાવનારા આંગળીને વેઢે ગણી શકાય તેવા મહાકવિઓમાં કાલિદાસ અદ્વિતીય અને મોખરાના સર્જક છે. ભારતીય સંસ્કૃતિના ઉદ્ગાતા કવિ કાલિદાસે ચારેય આશ્રમો, ચારેય પુરુષાર્થો સાથે સંબંધિત લોકજીવન, રાજનીતિ, માનવ સ્વભાવ, આદિ અનેક વિષયોને સ્પર્શતા ભારતીય વિશ્વને સાર્વત્રિક બનાવી દીધું છે. કાલિદાસ એવો કવિ છે જેમણે સમગ્ર દેશ, સમગ્ર યુગને પોતાની અનુભૂતિમાં વણી લઈ તેને મનુષ્યમાત્રની ચિરંતન સંપત્તિ બનાવી દીધી છે.

કાલિદાસનાં પાત્રો, સંવાદો, કથાનકો, દરેકે દરેક અંશો પોતાની નિહિત બાબતોને સ્વયં રજૂ કરે છે. તેના સૌંદર્ય ચંચળતામાં ભોગ પણ છે અને વૈરાગ્ય પણ છે. તેમનાં કાવ્યો સૌંદર્ય અને વિલાસમાં સમાપ્ત થતાં નથી, પરંતુ તેમાંથી પસાર થઈ ચળાઈ ચળાઈ ને 'પરમ' ભૂમિકા પ્રાપ્ત થાય ત્યારે જ કવિ પણ વિરામ લે છે.

સાંસ્કૃતિક ચેતનાથી ભરપૂર કૃતિઓમાં तत्र रम्या शकुन्तला. માં કવિ પ્રાચીનથી સાંપ્રત, વ્યક્તિથી સમષ્ટિ અને સ્વગત થી પરગત સુધી કઈ રીતે વિસ્તરે છે, જે અહીં જોવાનો ઉપક્રમ છે.

अभिज्ञान शाकुन्तलम् પ્રશિષ્ટ કૃતિઓમાં સ્થાન પામેલ, કવિ ગેટે, રવીન્દ્રનાથ ટાગોરથી માંડીને ઉમાશંકર અને આજના વિચારકો દ્વારા પણ જેની ભરપૂર પ્રશંસા થઈ છે, તેવી અપ્રતિમ કૃતિ છે.

રાજા દુષ્યંત અને શકુન્તલાની પ્રણયકથાના કેટલાક અંશો અહીં પ્રસ્તુત છે, જે કવિના વૈશ્વિક સફરની સાક્ષી પૂરે છે. કૃતિને પ્રશિષ્ટત્વ બક્ષે છે.

માનવ તથા પ્રાણી સૌમાં રહેલ મૂળભૂત વૃત્તિઓમાંથી એક છે પ્રેમ. અહીં રાજા

દુષ્યંત અને પ્રકૃતિના ખોળામાં ઉછરેલી બાલા શકુન્તલાના પ્રેમની કથા છે. મહર્ષિ કણ્વના આશ્રમના તપોમય વાતાવરણમાં રાજા દુષ્યંતના પ્રવેશે આશ્રમના પર્યાવરણને પલટી નાંખ્યું. વલ્કલ વસ્ત્રમાં બદ્ધ શકુન્તલાનું હૃદય આશ્રમની મર્યાદા તોડી રાજા દુષ્યંતને સમર્પિત થઈ ગયું. પ્રકૃતિના સહજ સ્વરૂપથી રંગાયેલી, નવયુવાનીમાં ડગ માંડતી શકુંતલા રાજપુરુષ પ્રત્યે પ્રેમાકર્ષણ અનુભવે છે. વેલીમાં અટવાયેલ વસ્ત્ર દ્વારા પોતાના મનોઈંગિતને સૂચિત કરી દે છે.

ક્રમશઃ પ્રેમ સહવાસમાં પરિણમે છે, એકાંત સહવાસ દરેક પ્રેમીજનો માટે આપત્તિરૂપ બની જાય ખરો ! ગાંધર્વ વિવાહથી બંધાયેલ ચક્રવાક મિથુનસમા પ્રિય પાત્રોનો પ્રેમ 'સુખ'ની પરિતૃપ્તિ પામે છે. પ્રેમ, લગ્ન, સ્ત્રી પ્રત્યેના વ્યવહારથી સંપૂર્ણ જ્ઞાન (રાજા દુષ્યંતના પ્રેમાવેશમાં હરણબાળથી અતિ ગભરૂ, સુકુમાર, શકુંતલા અનુભવી, રીઢા પ્રેમીના પ્રેમ જાળમાં બંધાય જાય છે.)

અને આ અસંયત પ્રેમને શાપ મળે છે. રાજાના નામાંકનથી અંકિત મુદ્રા આપી આ અક્ષરો પૂર્ણ થાય એટલા દિવસમાં તો રાજા એને તેડાવી લેશે. આવા સધિયારાથી પતિની યાદમાં ખોવાયેલ નિસર્ગકન્યા પોતાની સ્વાભાવિક અતિથિ સત્કારની ફરજને ભૂલી જાય છે અને દુર્વાસીરૂપ સમાજ દ્વારા તેને શિક્ષા મળે છે. પ્રેમ સંયત હોય, કલ્યાણકારી હોય, સમષ્ટિને માટે ઉપકારક હોય તે જ સમાજ, જગતને માટે, ઉત્તમ દંપતી માટે આવકારદાયક છે. ભારતીય સમાજ એકલપેટો નથી. वसुधैयकुटुम्बकम्ब् માં માનતો સમાજ ગૃહસ્થાશ્રમ અને વિવાહ બંનેનું મહત્ત્વ સ્વીકારે છે.

ભારતવર્ષની સંહિતામાં પુરુષ-સ્ત્રીનો સંબંધ સંયત, કઠણ, આજ્ઞાથી આદેશાયેલો છે. આવા સંયત પ્રેમને સૌંદર્યના ઉપકરણથી કવિ ગાઠે છે. તેની સૌંદર્યશોભા મર્યાદા અને કલ્યાણમાં ભાસમાન થાય છે. એકદમ આત્મપરાયણ જણાતી અને છતાં વ્યાપકતાની દૃષ્ટિએ સમસ્ત વિશ્વનું આશ્રય સ્થાન બનેલો પ્રેમસંબંધ ત્યાગ દ્વારા સંપૂર્ણતા પામે છે, તપ દ્વારા કૃતાર્થ બનેલો, ધર્મ દ્વારા ધ્રુવત્વને પ્રાપ્ત કરે છે.

પ્રેમાવેગ, કામાસાક્ષીવશાત્ કર્તવ્યવિમુખ બનેલ, જગતની ફરજમાં ભાન ભૂલેલ ગૃહસ્થનો મુખ્ય ધર્મ ''અતિથિ સત્કાર''ને ગૃહસ્થાશ્રમના પ્રવેશકાળમાં જ ભૂલી ગયેલી પ્રિયતમની યાદમાં ખોવાય ગયેલી શકુંતલાનો પ્રેમ શાપગ્રસ્ત થયો. ગૃહસ્થ ધર્મની અવગણનાને કારણે, સમષ્ટિના કલ્યાણને સ્થાને સ્વમાં રત થવાને કારણે તેને સજા થઈ. પ્રેમીજનોનો લાંબો વિયોગ શરૂ થયો.

આપન્નસત્વા શકુંતલાને મહેણા, ટોણાં અને પિતાના પ્રેમાશીષ સાથે વિદાય અપાય છે. સાથે દુર્વાસાનો શાપ પણ દહેજમાં જઈ રહ્યો છે. નિસર્ગકન્યા કુદરતનું સાંનિધ્ય છોડી પતિગૃહે વિદાય થાય છે. તેના પગલે પગલે વિરહના ભણકારા વાગે છે. કુદરતથી વિખૂટા પડવાની પીડામાં પતિ દ્વારા થતી અવહેલના પીડાની આગને વધારે બાળે છે.

પતિ દુષ્યંતે રાજા દરબારમાં તેનો પત્ની તરીકે અસ્વીકાર કર્યો. રાજદરબારમાં તેનું અપૂર્વ સૌંદર્ય, ગાઢ પ્રેમ અવહેલના પામ્યો. સમાજની સંમતિ વિના, એકાંતમાં અને કઈ રીતે ? જૂઠાણાના પાયા પર રચાયેલો પ્રેમ સજાને પાત્ર થયો. શકુંતલાની લાલિત્યપૂર્ણ દેહકાન્તિ પણ રાજાને સ્મરણ ના કરાવી શકી. સાથે સહવાસમાં માણેલ ક્ષણો, પ્રસંગોના સ્મરણો પણ નિષ્ફળ ગયા. અવહેલના, ઘૃણા, અપમાન, તિરસ્કારને પામેલી શકુંતલાએ તપ માર્ગે પ્રયાણ કર્યું. એકાંતમાં પ્રિયમય બની ગયેલી શકુંતલા હવે સાક્ષાત્ તપોભૂમિ બની. તાપસીના વેશમાં તપ કરતી તપપૂતા બની ગયેલી શકુંતલા વિરહવ્રતથી કૃશ બની ગઈ. 'वसते परिधूसरे वसाना नियमक्षाम मुरवो धृतैकवेणि:' (૬૨૧)[1] -ધારણ કરતી શકુંતલા દુષ્યંતની પત્ની નહીં સર્વદમનની માતા સ્વરૂપે, કરુણામયી, કલ્યાણમૂર્તિ જનની રૂપે જોવા મળે છે. મરીચઋષિના આશ્રમમાં એકાકી, શાંત, ગંભીર, ધ્યાનમગ્ન જીવન વ્યતીત કરતી શકુંતલાનો પ્રેમ સંયત થયો હતો.

અહીં સજા માત્ર શકુંતલાને નથી થઈ. દુષ્યંતને પણ થઈ છે. રાજાએ ઉન્મુક્ત યૌવનમદમાં શકુંતલાને પામવાનો આનંદ માણ્યો હતો. વાસ્તવમાં તે રાજાનું સ્ખલન

...નું. રાજદરબારની હંસપદિકામાં એકવાર આસક્ત થઈ ચૂકેલા રાજા દ્વારા શકુંતલા પણ બીજી હંસપદિકા ન બની જાય, તેનું ગૌરવભર્યુ સ્થાન શા માટે ? ના જોખમાય. આથી રાજાને પણ વિરહ વેદના આપવી જરૂરી હતી. વીંટી મળવાથી જાગૃત થયેલો તે પણ વિરહ તાપમાં પશ્ચાતાપમાં સેકાય તો જ શુદ્ધીકરણ પામેલો રાજાનો પ્રેમ શકુંતલાને લાયક બની શકે. ભ્રમર જેવો ઉદ્દામ પ્રેમી દુષ્યંત પ્રભાવશાળી રાજર્ષિ પદને પામતા શકુંતલા તથા દુષ્યંત પરસ્પરને સાચા અર્થમાં ઓળખે છે. રાજાને न खलवार्य पुत्र इव[2] એમ કહેનારી રાજાને સાચા અર્થમાં ઓળખે છે. એને રાજાના ચરિત્રનું અભિજ્ઞાન થાય છે. વિશાળ હૃદયા શકુંતલા દુષ્યંતના સર્વ અપરાધને ભૂલી પ્રેમની દેવી રૂપે રાજાને સમર્પિત થાય છે. શકુંતલા દ્વારા જે ઓળખ પ્રાપ્ત થઈ તેમાંથી 'સ્વ' ને ઓળખી શકેલો રાજા કહે છે. 'त्वया प्रत्यभि ज्ञातमात्मानं पश्यामि'[3] સૌંદર્યના સંદર્ભમાં કાલિદાસના વિચારો સ્પષ્ટ છે તે માને છે કે જેને જોતા મન પ્રસન્ન થાય, જે પ્રિયજનોને પ્રસન્નતા બક્ષે તે જ સાચું સૌંદર્ય - प्रियेषु सौभाग्याफला टि चारुता ।[4] (પૃ.૧) આમ તો સ્વ ને સ્વ જ ઓળખી શકે પણ ક્યારેક 'સ્વ'ની ઓળખ સ્વજન થકી પ્રાપ્ત થાય તે જ સાચી ઓળખ બની શકે છે.

કાલિદાસ રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતર કરનારો કવિ છે. તેનું કોઈપણ કાર્ય નિરુદ્દેશે હોતું જ નથી. વિના અપરાધે કોઈ પણ પાત્રને સજા કરતો નથી. અસંયત પ્રેમ સજાને પાત્ર છે. તો બારણે આવેલ અતિથિ ક્ષુધા, તૃષાથી પીડિત જાય. આ ગૃહસ્થાશ્રમને માટે લાંછનરૂપ ક્રિયા હોવાથી તેને શિક્ષા થાય જ. વળી ભરતવંશની જનેતા પાસે આવા અયોગ્ય વર્તનની અપેક્ષા જ ના રખાય !

વળી રાજા પણ રાજકાજનું ભાન ભૂલી પ્રિયતમાની યાદમાં મસ્ત રહે એ પણ ધર્મચ્યુતિ જ કહેવાય. તેથી તો ઈન્દ્ર રાજાના ક્ષણ ધર્મને લલકારે છે.

સૌથી વિશેષ બાબત જે મહત્ત્વપૂર્ણ છે સંતતિ પ્રાપ્તિ, પતિ-પત્નીના પ્રેમનું ફ ઉત્તમ સંતતિ જ હોય. સિંહના દાંત ગણવાની ક્ષમતા ધરાવતા, ભારતના સમ્રાટ બનવા લાયકાતથી સજ્જ વીર પુત્રની પ્રાપ્તિ દુષ્યંત-શકુંતલાના ઉત્તમ જીવનનો સાર છે દુષ્યંતના અપુત્રપણાના નિવારણ થકી જ રાજ્યરૂપ સંપત્તિ સુરક્ષિત રહી શકે છે. લગ્ન સંસ્થાનું એક કારણ પુત્ર પ્રાપ્તિ પણ છે, તેથી જ રાજાને પોતાની ફરજના બદલામાં ભે સ્વરૂપે પત્ની તથા સંતાનની પ્રાપ્તિ થાય છે.

अभिज्ञान शाकुन्तलम् માં શકુંતલાની વિદાય સમગ્ર સમાજના કલ્યાણને સાંકળી લે છે સંસાર રથના બે ચક્ર પતિ-પત્નીનો પરસ્પરનો વ્યવહાર સરળ, સહજ, સન્માનીય બને એ આવશ્યક છે, તો જ પરસ્પરના સ્વજનો પ્રત્યે પણ પ્રેમાળ બની શકે છે. પાલક પિતા કણ્વ દ્વારા ભારે હૈયે વિદાય પામી, આશીર્વચન સાથે આર્યા ગૌતમીની સંસાર વ્યવહારની શીખ માનવવ્યવહારની આચારસંહિતાનો નમૂનો છે. દરેક માતા-પિતા દીકરીની વિદાય વેળા એ વ્યથા અનુભવે, સંસારના વ્યવહારની શીખ, માનવ વ્યવહારની શાશ્વત નીતિનો વારસો આપે તે કાલિદાસના કાળમાં જેટલું યથાર્થ હતું તે આજના કાળમાં પણ સમાન છે. ભલે સમયના ગમે એટલા વહેણ વહી જાય, પરંતુ આદર્શ સમાજ, આદર્શ જીવન, આદર્શ વ્યક્તિત્ત્વની દુહાઈ આપતા ભારતીય સમાજમાં 'કન્યા વિદાય'નું ચિત્ર ક્યારેય બદલાશે નહીં ! કાયદા થકી કોઈપણ કન્યાએ કે તેના સ્વજનોએ વિદાય વેળા એ આંસુ સારવા નહીં. આવું ફરમાન કાગળ પર ઉતારી શકાય, પણ તેનું પાલન ભાગ્યે જ કરી શકાય. તેથી તો ભારતીય સંસ્કૃતિ ક્યારેય લુપ્ત થઈ શકતી નથી.

ભારતીય સંસ્કૃતિ જીવનની કઠોરતાને, પીડાને પણ સહજ રીતે સ્વીકારવા માનવ મનને ઘડે છે. માનવ સંબંધોને મહત્ત્વ આપતી આ સંસ્કૃતિ શાપને પણ આશીર્વાદ બનાવી દેવા સમર્થ છે, તે કર્તવ્ય વિમુખને સજા પણ આપી શકે છે કારણ કે ભારતીય સંસ્કૃતિનો મૂળ ધ્યેય સુખદ અંત, કલ્યાણ છે. કલ્યાણનો માર્ગ ખુલતાં જ પ્રકૃતિ, દેવ

તે જ મિલનમાં રસ લે છે. તરુણી શકુંતલા સર્વદમનરૂપ ફળથી મુક્ત થઈ ઉત્તમ નીની માતારૂપે રાજર્ષિ દુષ્યંતને મળે છે. ક્ષણનો આનંદ, ઉન્મત્ત પ્રેમ સજાથી પ્રૌ ને પામતા, સમાજોપયોગી બનતા ચિરસ્થાયી મિલનમાં પ્રકૃતિને પણ રસ પડે છે.

કાલિદાસ મલિન વ્યક્તિત્વનો ક્રમશઃ હ્રાસ કરી બાહ્ય અને આંતર વ્યક્તિત્ત્વનો સ્વર પરિચય કરાવી પ્રેમને ભવ્યતા, ગરિમા બક્ષે છે. તેની કૃતિ ભાવલોક અને કર્મલોક બંનેને સાંકળે છે. ધરાતલ થી શરૂ થયેલી માનવ ચરિત્રની વિશેષતાને તે ર્ગલોક સુધી દોરી જાય છે.

अभिज्ञान शाकुन्तलम् પતિ-પત્ની-પુત્રના પ્રેમનો મંગળ ત્રિકોણ છે. વ્યક્તથી સમષ્ટિ સુધીની યાત્રા દ્વારા ભારતીય સંસ્કૃતિના દરેક પાસાઓને વણી લઈ, સંયમિત રીતે સમગ્ર નાટકને મંગલમય પરિણિતમાં પૂર્ણતા બક્ષે છે. તેથી જ આ નાટક ધરાથી આકાશ સુધીની ઊડાન ભરતું પ્રશિષ્ટ કાવ્ય છે.

□□□

## પાદટીપ

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | अभिज्ञान शाकुन्तलम् | સંપા. | પ્રા. સુરેશ દવે,<br>પ્રા. પી. સી. દવે | ૧૪૪ |
| ૨. | ,, | | - એજન - | ૧૪૪ |
| ૩. | ,, | | - એજન - | ૧૪૪ |
| ૪. | कुमार संभवम् | સંપા. | પ્રા. પી. સી. દવે<br>પ્રા. એસ. જે. દવે | ૦૨ |

□□□

# વિનયન પ્રવાહમાં સેમેસ્ટર પદ્ધતિના લાભાલાભ

આહીર તેજલકુમારી પી.
ટી.વાય.બી.એ. (સેમેસ્ટર-૬)
ગુજરાતી

માનવસંસ્કૃતિના વિકાસમાં શિક્ષણનું વિશેષ મહત્ત્વ છે. શિક્ષણના આરંભ આજપર્યંત તેને વિશેષ પ્રભાવક અને સફળ બનાવવાના પ્રયત્નો શિક્ષણવિદોએ કર્યા છે સમયે...સમયે એમાં પરિવર્તનો થતાં રહ્યાં છે. ઘણીવાર પ્રાયોગિક ધોરણો અપનાવવા આવેલી પદ્ધતિ પૂરી ચકાસણી કર્યા વિના અમલમાં મૂકી દેવાતાં લાભ કરતાં ગેરલા વધારે થયા છે. ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે પ્રવર્તતા જુદા-જુદા પ્રવાહોમાં કોઈ એ પદ્ધતિનો અમલ કરવાથી કોઈ પ્રવાહને તેના અભ્યાસક્રમ અનુકૂળ થતાં વધારે લા થાય. જયારે બીજા પ્રવાહને અભ્યાસક્રમ સાથે વિદ્યાર્થીઓની સંખ્યા સાથે સુસંગતતા સધાતાં લાભ કરતાં ગેરલાભ વધુ થાય છે.

ગુજરાતની વિવિધ યુનિ.ઓમાં વિજ્ઞાન પ્રવાહની સાથે વિનયન અને વાણિજ પ્રવાહમાં પણ સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરવામાં આવી છે. સેમેસ્ટર પદ્ધતિથી થતા લા અને ગેરલાભ અંગે વિચારણા કરવાનો મારો આ એક નમ્ર પ્રયાસ માત્ર છે.

**સેમેસ્ટર પદ્ધતિના લાભો :-**

- વિદ્યાર્થીઓ સતત પ્રવૃત્તિમય રહે છે. તથા અભ્યાસક્રમની સાથે પોતાની સર્જનાત્મ શકિતનો વિકાસ કરી શકે છે. પોતે મેળવેલ જ્ઞાનનો ટૂંકાગાળા માટે જ અભ્યા કરવાનો હોવાથી પોતાને મળેલ તમામ માહિતીને વધુ સરળતાથી અને સચોટ રી સમજાવીને વ્યક્ત કરી શકે છે.
- સેમેસ્ટર પદ્ધતિમાં નિયંત્રિત સમય મર્યાદાના કારણે વિદ્યાર્થીઓને શીખવાન માટેનું વિષયવસ્તુ પણ મર્યાદિત હોય છે. એ માટેના મુદ્દાઓ પણ ઓછા હોય છે તેથી વાંચનનો ભાર હળવો રહે છે.

- વિદ્યાર્થીઓ પાસે ઓછું વિષયવસ્તુ હોય છે. તૈયારી કરવામાં સરળતા રહે છે. તેથી વિદ્યાર્થી ધાર્યું પરિણામ પ્રાપ્ત કરી શકે છે. અધ્યાપક પાસે પણ માત્ર ૬ કે ૮ અઠવાડિયાનો સમયગાળો મળે તેમજ અભ્યાસક્રમને પણ સતત સભાન રહે છે. અભ્યાસક્રમની બાબતમાં વિદ્યાર્થી સ્વાવલંબી બને છે. સંદર્ભગ્રંથોનો આધાર લઈ સ્વાધ્યાયી બને છે.

- વાલીઓ પોતાના બાળકોની પ્રગતિ વિશે સાચી માહિતી મેળવી શકે છે. શાળાનાં સંચાલક મંડળ પણ શાળાની પ્રગતિનો ચિતાર જાણી શકે છે. અભ્યાસમાં રહેલી ખામીઓને જાણી તેને દૂર કરી શકાય છે.

- સેમેસ્ટર પદ્ધતિમાં જે - તે વિષયનું વાંચન કેવળ છ મહિનામાં જ કરવાનું હોય છે અને ત્યારબાદ નવો અભ્યાસક્રમ આવે છે. આ રીતે અભ્યાસક્રમ બદલાતો રહે છે. તેથી વિદ્યાર્થીને લાંબા સમય સુધી યાદ રાખવું પડતું નથી.

- આ પદ્ધતિમાં એકમ પ્રમાણે વિષયવસ્તુના મુદ્દા આપી દેવામાં આવેલા હોય છે. તેથી વિદ્યાર્થીઓને એકમ પ્રમાણે તૈયારી કરાવવામાં તથા તેને સમજવામાં સરળતા રહે છે.

**સેમેસ્ટર પદ્ધતિનાં ગેરલાભો :**

- સિક્કાની બે બાજુની જેમ સેમેસ્ટર પદ્ધતિના લાભ સાથે ગેરલાભ પણ જોવા મળે છે. સેમેસ્ટર પદ્ધતિના ગેરલાભો વિશે વિચારીએ તો -

- સામાન્ય રીતે જે શિક્ષક જે વિષય વિદ્યાર્થીઓને ભણાવે તે વિષયનું પરીક્ષણ તે જ શિક્ષક કરે એ જરૂરી છે. પરંતુ આજે કોઈ કારણોસર આ બાબતનો અમલ શક્ય બનતો નથી અને તેના કારણે વિદ્યાર્થીઓને અન્યાય થાય છે.

- માત્ર ડિગ્રી જ નહીં પરંતુ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે પણ અગત્યની બાબત છે. પરંતુ આ પદ્ધતિમાં અભ્યાસક્રમ જ પૂરો નહીં થવાથી વિવિધ પ્રવૃત્તિઓ માટે સમય મળતો નથી.

- આ પદ્ધતિના અમલ દ્વારા આખા વર્ષમાં બે વાર મુખ્ય પરીક્ષા યોજાય છે તેથી વિદ્યાર્થી પર પરીક્ષાનું ભારણ રહે છે.
- સમયમર્યાદા એ સેમેસ્ટર પદ્ધતિનું મુખ્ય પરિબળ છે. ઓછા સમયમાં અભ્યાસક્રમ પૂરો કરવાનો હોવાથી તેની સાતત્યતા જળવાતી નથી.
- આ પ્રદ્ધતિમાં પરીક્ષા પત્યા પછી તરત જ નવું સત્ર શરૂ થઈ જાય છે. પરંતુ અગાઉની પરીક્ષાની ઉત્તરવહીઓ તપાસવાનું કામ ખૂબ જ હોવાથી અધ્યાપક એમાં જોતરાઈ રહે છે અને અભ્યાસક્રમ મોડો શરૂ થાય છે. તેથી અભ્યાસક્રમ સમયસર પૂરો કરી શકાતો નથી અને તેનો ભોગ વિદ્યાર્થીઓ બને છે.
- આપણી આજની પરીક્ષાઓમાં લેખિત પરીક્ષાનું પ્રભુત્વ વધુ છે. આ લેખિત પરીક્ષામાં નિબંધ પ્રકારના પ્રશ્નોનું ભારણ વધુ હોય છે. અને તે ઓછા સમયમાં પૂરો કરવો શકય નથી. પરીક્ષકના મન ઉપર વિદ્યાર્થી અંગેની અગાઉની છાપ પણ ગુણાંકન પર અસર ઉપજાવે છે, જેથી વિદ્યાર્થીનું સાચું મૂલ્યાંકન થતું નથી.

□□□

# જીવનકળાનો ગ્રંથ ગીતા

- રવિ એન. પટેલ
ટી.વાય.બી.એ.

મનુષ્યજીવનની એ વાસ્તવિકતા છે કે જે વસ્તુ જેને પ્રાપ્ત હોય છે, તેને મન તેનું મૂલ્ય હોતું નથી. ગંગાતટે રહેનાર મોટાભાગનાં વ્યક્તિઓને માટે ગંગાજળનું એટલું મહત્ત્વ નથી હોતું, જેટલું મહત્ત્વ ગંગાથી દૂર રહેતા વ્યક્તિને હોય છે. જળનું મૂલ્ય જાણવા ઈચ્છનારે રણપ્રદેશમાં જ જવું પડે. સમુદ્ર પાસે નહીં, આજ વાત આજે ભારતીયોને માટે લાગુ પાડી શકાય તેમ છે.

જીવનને સુખી અને સમૃદ્ધ બનાવવા માટેની ચાવીરૂપ ગીતા આજે ભારતીયો પાસે છે. પ્રત્યેક સંપ્રદાયનાં વ્યક્તિઓને પોતાના ધર્મગ્રંથ ઉપર માન અને ગૌરવ હોય છે. શીખોને 'ગુરુગ્રંથસાહેબ' મુસ્લિમોને 'કુર્આન' અને ખ્રિસ્તીઓને એમના ધર્મગ્રંથ 'બાઈબલ' ઉપર માન છે. તેઓ અન્ય શિક્ષણસંસ્થાઓમાંથી શિક્ષણ મેળવવા ઉપરાંત પોતાના ધર્મગ્રંથોનું શિક્ષણ પણ અલગથી મેળવે છે.

ભગવદ્‌ગીતા એ હિન્દુધર્મનો એક એવો ગ્રંથ છે. જેણે જીવનસંગ્રામમાં કર્મો કરવા, છતાં કેવી રીતે બંધનમાં ન આવવું, કઈ રીતે વિજય પ્રાપ્ત કરવો - આ બધી કળા શીખવેલી છે. ગીતા એ એક માર્ગ છે - રાજમાર્ગ જીવનનાં લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો રાજમાર્ગ દર્શાવનાર જો કોઈ હોય તો તે છે ગીતા.

વિદેશીઓ આજે ગીતાનું મહત્ત્વ સમજ્યા છે ત્યારે સંપ્રદાયને કારણે સંકુચિત માનસ ધરાવતા કેટલાક ભારતીયો ગીતાને સાંપ્રદાયિક ગ્રંથ ગણાવીને તેના તરફ વિરોધની લાગણી સેવે છે. વાસ્તવમાં ગીતા એ સાંપ્રદાયિક ગ્રંથ નથી. ગીતા તો સાર્વજનિક છે. અને, એટલું જ નહીં, ગીતા એ માત્ર ભારતીય માટે જ નથી. પરંતુ સમગ્ર વિશ્વના પ્રત્યેક માનવીને માટે છે. અર્જુન તો સમગ્ર વિશ્વના માનવીનો પ્રતિનિધિ છે. જ્યારે શ્રીકૃષ્ણ માત્ર વિશ્વના નિયંતા, પરમાત્મા છે.

ગીતામાં 'વિભૂતિયોગ' નામનાં દસમાં અધ્યાયમાં સમગ્ર વિશ્વનાં પદાર્થોને પોતાનું જ સ્વરૂપ તરીકે ગણાવીને શ્રીકૃષ્ણે પોતાને પરમતત્ત્વના પ્રતિનિધિ તરીકે ગણાવ્યા છે. (વળી, સ્પષ્ટ બાબત તો તે છે કે જયારે) શ્રીકૃષ્ણ કહે છે.

वृष्णीनां वासुदेवोऽस्मि ।

**યાદવોમાં હું વાસુદેવ છું.**

(ગીતા અ.-૧૦ શ્લોક - ૩૭)

તત્ત્વજ્ઞાનની દષ્ટિએ વિચાર કરવામાં આવે તો પણ સાબિત કરી શકાય છે કે અહીં શ્રીકૃષ્ણ સિવાયની કોઈક એવી વ્યકિતનું આ વિધાન છે કે જે વ્યકિત પોતાની વિભૂતિઓમાં વાસુદેવનો સમાવેશ કરે છે.

'યાદવોમાં હું વાસુદેવ છું.' એમ કહ્યું છે ત્યારે અહીં હું એટલે કોણ ? કૃષ્ણ તો નહીં જ. ખરેખર, અહીં હું એટલે જગતના પાલક પરમેશ્વર જ.

આ સિવાય પણ અનેક એવા ઉલ્લેખો ગીતામાં છે જે દ્વારા આ ગ્રંથ સાંપ્રદાયિક ગ્રંથ નથી. એની ખાતરી થઈ શકે છે. વળી મહાત્મા ગાંધીજી તો કહે છે -

''ગીતા તો મારી માતા બની ગયેલ છે.''

જયારે જયારે મોહ અને કસોટીનાં પ્રસંગો બનવા પામ્યા ત્યારે ત્યારે અચૂક માર્ગદર્શક બને તેવા શાસ્ત્રગ્રંથની જરૂર ગાંધીજીને જણાય અને જે ગ્રંથ મળ્યો તે ગીતા.

ગીતા એ તો ખરેખર નિર્બળતાને દૂર કરનાર છે. નિરાશ બનેલાને બળ આપી આશાવાન અને પ્રસન્ન બનાવવા માટે છે. આજનો વ્યકિત પણ આવો જ છે. નિર્બળતા એનામાં ભરી પડી છે. ગીતાની શરૂઆતમાં જ 'હું યુદ્ધ નહીં કરૂં' એવા નિશ્ચય સાથે બેઠેલા અર્જુનની નિર્બળતા ઉપર પ્રહાર કરતા શ્રીકૃષ્ણ કહે છે -

''क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोष्ठिं परंतप ।''

''હે પરંતપ ! હૃદયની આ ક્ષુદ્ર દુર્બળતા ત્યજી દઈ તું ઊભો થા. ''

(ગીતા અ. - ૨ , શ્લોક - ૩)

વળી, ગીતા એ સંન્યાસીઓને માટે નથી. ગીતાને મન આ જિંદગી એ રણમેદાન છે અને રણમેદાનમાં યુદ્ધ જ થાય, સમાધિ નહીં. સંસાર છોડીને જનારને ગીતા બહુ માન આપતી નથી. ગીતા તો અત્યંત સંકુલ અને વિરોધી ગુણોવાળા જીવનમાં પણ ટકી રહેલા અને અંત સુધી સંઘર્ષ કાજે તૈયાર રહેનારાને માટે છે. ગીતા જીવનથી ભાગવાની વાત કરતી નથી, પણ તે તો શીખવે છે જીવનકળા. જીવનમાં સફળ થવા માટે માનુસમાત્રે કેવી રીતે જીવવું તે શીખવે છે ગીતા.

જો કે ગીતા જે શીખવે છે તેનું પાલન સરળ તો નથી જ. તેને પરિણામે જ કેટલાક લોકો એનો સ્વીકાર કરતાં નથી. વાસ્તવમાં તો ગીતા એ સૂતેલાને જગાડવા માટે છે. ભૂલેલાને સ્મરણ કરાવવા માટે છે.

પરંતુ તલવારની ધાર ઉપર ચાલવું કદાચ સરળ બને પરંતુ ગીતાએ પ્રબોધેલા માર્ગ પર ચાલી જગતમાં રહેવું એટલું સરળ નથી, છતાં એ જ સત્યમાર્ગ છે અને જાણે છે સૌ વ્યક્તિ કે સત્યનો માર્ગ હંમેશાં કષ્ટરૂપી કાંટાથી છવાયેલો હોય છે, તે જ વાસ્તવિકતા છે.

ગીતાના અધ્યાયો કેટલાક વ્યકિત કંઠસ્થ કરતા હોય છે. વાત સારી પણ છે. પણ જો તે માત્ર કંઠસ્થ કરવા પૂરતા હોય તો તે યોગ્ય નથી જ. ગીતા તો જીવનમાં ઉતારવા માટે છે. જિંદગીના પાઠોને શીખવા માટે છે. માતા બાળકને ચાલતાં શીખવે તેમ ગીતા આપણને સાચા માર્ગે ચાલતાં શીખવે છે. કયા માર્ગે ચાલવું, કયા માર્ગે નહીં તેનો વિવેક ગીતા આપે છે. સત્યને સમજાવનાર ગીતા છે અને વળી, આ ગીતાને સાંપ્રદાયિક ગણો કે ન ગણો તેથી કોઈ ફર્ક પડતો નથી. સજજનો તો જયાં જયાંથી સદ્ગુણો મળે તે તે ગ્રહણ કરી લેતા હોય છે, પછી ભલે તે દુશ્મન કેમ ન હો ? અને ગીતા કોઈની દુશ્મન હોઈ શકે એવું માની શકાય તેમ નથી.

માનવજીવનમાં દરેક ક્ષણે અગણિત સમસ્યાઓ ઊભી થતી રહે છે. પરંતુ જીવન જીવવાની કળાની જાણકારીના અભાવમાં તેનું સમાધાન અસંભવ લાગે છે. ગીતા એ

અસંભવને સંભવ બનાવી શકે તેમ છે. ગીતાને ન સમજનાર વ્યક્તિ જ આત્મઘાતનો પ્રયાસ કરશે. ગીતાને જાણકાર નહીં, કારણ કે, ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે -

मात्रास्पर्शास्तु कौन्तेय शीतोत्ण सुखदु:खदा :।

आगमाया यिनो नित्यास्तास्तितिक्षस्व भारत ।।

(ગીતા અ.-૨, શ્લોક - ૧૪)

(હે કૌંતેય ! ઈન્દ્રિયોના વિષયો સાથેના સંબંધો શીત અને ઉષ્ણ, સુખ અને દુ:ખ આપનારા, આવવા-જવાના સ્વભાવવાળા અને અનિત્ય છે. હે ભારત ! તેમને તું સહન કર.)

આટલી વાત સાંભળતા જ બધું સમજાય જાય તેમ છે.

પ્રાચીનકાળમાં વિજ્ઞાન એટલું વિકસિત નહોતું છતાં મનુષ્યો સુખી, સંપન્ન અને દીર્ઘજીવી હતા. કારણ કે તેમનામાં માનવીય ગુણો, સદ્ભાવનાઓ વગેરે હતા. જયારે આજે અધિકાંશ વ્યક્તિ જીવનમાં દુ:ખી અને સંકટગ્રસ્ત જોવા મળે છે. તેનું એકમાત્ર કારણ મનુષ્યમાં જીવન જીવવાની કળાની જાણકારીનો અભાવ છે અને એ અભાવને દૂર કરવા ગીતા સમર્થ છે.

જીવનને સુખી અને સમુન્નત કરવા માટે ગીતાએ ઉપદેશેલા વચનો ધ્યાનમાં રાખવા અતિ આવશ્યક બની રહે છે. ગીતાને સાંપ્રદાયિક ગણો કે ન ગણો પરંતુ એણે ઉપદેશેલા ધર્મ-વચનો જો જીવનમાં ઊતારવામાં આવે તો તે વ્યક્તિ અને સમાજ બન્ને ને ધારણ કરી શકે તેમ છે અને એટલું જ નહીં સ્વર્ગને ધરતી પર લાવવા પણ તે સમર્થ છે.

□□□

# વાંચન : જિંદગીની પૂર્ણતા

મિસ્ત્રી તેજસકુમાર આર.
એમ.કોમ.સેમે.-૨

*Human being is Social Animal* - અર્થાત્ મનુષ્ય સામાજિક પ્રાણી છે. અને તે સમાજમાં રહે છે, સમાજમાં વસતા માનવીની ઘણી ટેવો હોય છે, જે પૈકી કેટલીક ટેવો સારી અને કેટલીક ખરાબ હોય છે. સારાં પુસ્તકોનું વાંચન કરવું એ સારી ટેવ છ. જેનાથી આપણને ઘણા ફાયદા થાય છે. જેનાથી સારું જ્ઞાન મળે છે, જે વિદ્યાર્થીઓને અભ્યાસક્રમમાં મદદરૂપ થાય છે. જેનાથી મનુષ્યમાં સારા ગુણો અને સંસ્કારોનું સિંચન થાય છે. ભાવિપેઢીનું જીવન ઘડતર અને સંસ્કારઘડતર કરવા માટે બાળકોમાં વાંચન - સંસ્કારના બીજ વાવવા જોઈએ. વાંચનથી તેના જ્ઞાનમાં વધારો થશે અને જ્ઞાનમાર્ગ પર ચાલતાં - ચાલતાં વિચારવૈભવના શિખરે પહોંચશે. જેથી વૈચારિક ક્રાંતિનું સર્જન થશે.

એકવીસમી સદી એ માહિતીની સદી છે. આજની માહિતી આજે જ વાસી થઈ જાય છે. આજનો માણસ ભૌતિકવાદી બની ચૂકયો છે. ભૌતિકતાની પાછળ એવા ઘેલા બની ગયા છે કે આપણને આપણી આવતીકાલની જરા પણ ચિંતા નથી. આજે આપણે વૈચારિક દષ્ટિએ એટલા બધા કંગાળ થઈ રહ્યા છીએ કે, આપણને ચેકબુક અને પાસબુકમાં રસ રહ્યો છે, જે આપણી જિંદગીને ભૌતિક રીતે પરિપૂર્ણતા બક્ષે છે, પરંતુ જિંદગીની ખરી પૂર્ણતા માત્ર ને માત્ર પુસ્તકોના વાંચનથી જ હાંસલ કરી શકાય છે.

આજે ખરેખર શિક્ષિત વ્યકિત એ છે કે, જેને વાંચતાં આવડે છે અને વાંચે છે, જેને વાંચતા આવડે છે અને વાંચતો નથી તે અભણ જ છે, એવું કહેવું અતિશયોકિતપૂર્ણ નથી. આ સંદર્ભમાં નીચેની પંકિત ઘણું બધું કહી જાય છે,

જે વાંચે ચોપડી, તે ચોપડી - ચોપડી ખાય,

જે ન વાંચે ચોપડી, તે બે પડી કરમાં સહાય.

વાંચનથી અર્થગ્રહણક્ષમતા વધે છે. વાક્ચાતુર્ય અને ઉચ્ચાર શુદ્ધિ વધે છે. શબ્દભંડોળ વધે છે. ઉત્તમ પુસ્તકોનું વાંચન સમાજ અને વિશ્વ સાથે સમરસ અ એકાત્મ થવાનાં સ્પંદનો જગાડે છે. વ્યક્તિના ચારિત્ર્યનિર્માણ અને સદ્‌ગુણ વિકાસ પ્રયોગશાળાના દરવાજા ખોલી આપે છે.

પુસ્તકો આપણા સાચા મિત્રો છે, એ કંઈ પણ ન બોલીને સતત આપણી સા વાતો કરે છે. એમાનાં શબ્દો અવનવા આકાર ધારણ કરીને આપણી લાગણીને વા આપે છે. પુસ્તકનું વાંચન આપણી સંવેદનાને ધારદાર બનાવે છે. ભૂત, ભવિષ્ય અ વર્તમાન આપણી સમક્ષ ખડાં કરે છે. માણસને માનવ બનાવે છે, નિરાશ વ્યક્તિ આશાનો સંચાર કરે છે. જ્ઞાનપિપાસુને જ્ઞાન પીરસે છે, તે માર્ગ ભૂલેલાને સાચો માર્ગ બતાવે છે. અને ભક્તોને ભગવાન સુધી પહોંચાડે છે. આમ વાંચનમાં વ્યસની થવા જે ખરું.

વાંચન એ અમૂલ્ય ખજાનો છે. આપણી પ્રિય માતૃભૂમિ, પૃથ્વી અને સમસ્ત બ્રહ્માંડની ઝીણી ઝીણી વિગતો આપણા મન પર અંકિત કરે છે. સાહસ, શૌર્ય, કરુણા સંવેદના, પ્રેમ, ભક્તિ, દયા, સત્ય, અહિંસા જેવા અનેક ગુણોનો આવિષ્કાર કરે આપણું જીવન સમૃદ્ધ બનાવે છે, માટે જ વાંચવું એ, જીવન પૂર્ણતાનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે. તેથી જ કહેવાનું મન થાય છે કે, -

વાંચનથી જીવન ઝળકે, અજ્ઞાનતા બળે ભડકે.

ખુશાલી જીવનને અડકે, અભણ તપે તડકે.

માણસનું અસ્તિત્વ તેના સ્થૂળ હોવાપણાથી બને છે, જ્યારે તેનું વ્યક્તિત્વ તે વિચારોથી જ ઘડાતું હોય છે. વિકાસનું બીજ ચિંતનમાં રહેલું છે. અને ચિંતનનું ઉદ્‌ભવસ્થાન છે વાંચન.

સાંપ્રત સમયમાં વધતી જતી હિંસા, આત્મહત્યા, બળાત્કાર, ખૂન, ચોરી કૌટુંબિક કલેશ કે પછી વધતા જતા અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો જ સાક્ષી છે કે, આપણે

સમાજ કેટલો સામાજિક અને સંસ્કારી છે ? ઉત્તમ પુસ્તકોનું વાંચન, માનવીને જીવન જીવવાની કળા શીખવે છે, સંસ્કારનું સિંચન અને સંવાદિતાનું સર્જન કરે છે. મહાન વિચારકો અમથા જ અવતરતા નથી. તેમનું જ્ઞાન, વિચારશીલતા વાંચનને કારણે જ પરિપકવ હોય છે. પુસ્તકોનાં વાંચનથી જ્ઞાનનો ઉજાસ, વિચારોનો શ્વાસ અને વિશ્વભરની ઉડાનનો અહેસાસ પ્રાપ્ત થાય છે. પુસ્તકનું વાંચન એ આપણા જીવનમાં અલગ - અલગ રંગનું સિંચન કરતાં મેઘધનુષ્ય સમાન છે.

વાંચન આપણા વિચારો, આપણી મનોવૃત્તિઓને, આપણી લાગણીઓને તથા આપણી જાતને ઘડવાનું ઓજાર છે. જીવંત માણસોને બાદ કરતાં આ જગતમાં સારાં પુસ્તકના વાંચનની તોલે આવે એવું Wonderful કાંઈ જ નથી. વાંચનથી જીવનમૂલ્યોની મહત્તા સમજી શકાય છે. તેથી જ ગાંધીજીએ સાચે જ કહ્યું છે કે, -

''જે વાંચનનો શોખ ધરાવે છે, તે બધી જગ્યાએ સુખી રહે છે.''

નજરે પડયું તે વાંચી નાંખવાની ટેવ બિલકુલ સારી નથી. વાંચન માટે યોગ્ય પુસ્તકની પસંદગી થાય તે ખૂબ જરૂરી છે. કોઈ ચિંતકે યથાર્થ કહ્યું છે, કેટલાક પુસ્તકો પર આંખ ફેરવી જવી જોઈએ. કેટલાંક પુસ્તકોનો અભ્યાસ કરવો જોઈએ અને કેટલાક પુસ્તકોનું ફરી ફરી મનન કરવું જોઈએ. માણસની ઓળખ એના વાંચન પરથી થાય છે. કેવા પુસ્તકોનો સંગાથ એ શોધે છે અને મેળવે છે એના પરથી એના સંસ્કારનું માપ નીકળે છે.

અંતમાં, વાંચન એ જિંદગીની પૂર્ણતા છે, તે એક પંક્તિમાં કહીએ તો,

જ્ઞાન વિના સૌ લડતાં - મરતાં,<br>
વાંચન મેળ કરાવે.<br>
ઈશ્વરનું વરદાન જિંદગી,<br>
વાંચન ભાન કરાવે.

□□□

# ભારતીય સંસ્કૃતિ

પટેલ વીણા નરેન્દ્રભાઈ
એમ.એ. સેમે.-૪
રોલ નં. ૪૪

ભારતીય સંસ્કૃતિ સૌથી પુરાતન છે, અનુપમ છે, કેટલીક વિશેષતાઓ તેમાં ભરી પડી છે, દેવત્વને ધારણ કરવાની કળા શીખવતી આપણી આ સંસ્કૃતિને દેવસંસ્કૃતિ કહેવામાં આવી છે. આવી દેવસંસ્કૃતિનું અવિભાજય અંગ છે અધ્યાત્મદર્શન. ભારતીય સંસ્કૃતિ અનુસાર જીવન એક અણમોલ અવસર છે. સમયનો સદ્‌ઉપયોગ કરીને એક એક ક્ષણ પરમાત્માને સમર્પિત કરીને જીવન જીવવું જોઈએ.

છેલ્લા સો - દોઢસો વર્ષોથી ભારતીય સંસ્કૃતિ ઉપર પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર પડતી રહી છે. પરિણામે આપણી સંસ્કૃતિને જે નવીન સ્વરૂપ પ્રાપ્ત થયું છે એ જ એનું વાસ્તવિક સ્વરૂપ છે. એવું આપણે માની બેઠા છીએ. પરંતુ દુર્ભાગ્યે આપણી આ જ સંસ્કૃતિ સ્થિતિ ચુસ્ત બની ગયેલી હોઈ, તેનું પ્રવાહી અને પ્રગતિશીલ સ્વરૂપ નાશ પામ્યું છે.

વાસ્તવમાં ભારતીય સંસ્કૃતિ માનવતાના સર્વ સદ્‌ગુણોને ધારણ કરનારી છે.

''सत्याहिंसागुणैः श्रेष्ठा, विश्वबन्धुत्वनिक्षिका ।
विश्वशान्ति सुखधात्री, भारतीया हि संस्कृति ॥''
(कपिल)

'सत्यम् शिवम् सुन्दरम्' ની ભાવનાવાળી આ ભારતીય સંસ્કૃતિ સત્યને જ કલ્યાણકારી ગણે છે. સત્યનો જ જય કહે છે - 'सत्यमेव जयते नानृतम् ।' તેનાં अहिंसा परमो धर्मः - વાકયમાં વિશ્વશાંતિની ભાવના રહેલી છે. ત્યાગીને ભોગવી જાણવાની ભાવના તો વેદકાળની છે. 'तेन त्यक्तेन भुञ्जीथा – मा गृधः कस्यस्विद् धनम् ।' (યજુ. ૪૦-૧)

માનવતાના ગુણોથી ભરેલી આવી ભારતીય સંસ્કૃતિમાં વિશ્વસંસ્કૃતિ બનવાના ગુણ છે. સમગ્ર વિશ્વના મનુષ્યોને સાચા માર્ગ પર ચાલવાની પ્રેરણા આપવા સમર્થ છે. વેદમાં કહ્યું છે કે - ''सा प्रथमा संस्कृति विश्वकारा'' અર્થાત્ ''આ પ્રથમ અને વિશ્વવ્યાપી સંસ્કૃતિ છે.'' ભારતીય ઋષિઓએ ફક્ત મારા અને તારા સુધી જ સીમિત ન રહીને પૂરી વસુધા ને એક પરિવારના રૂપમાં માની છે. તેમનો ''वसुधैव कुटुम्बकम्'' તેમનો આદર્શ રહ્યો છે. અહીં ધરતીને માતા અને મનુષ્યને તેનો પુત્ર કહેવામાં આવ્યો છે. - ''माता भूमिः पुत्रोऽहं पृथिव्याः ।'' જો કે આજનો ભારતીય આ ભાવના કદાચ વીસરી - ભૂલી રહ્યો છે. વેદકાળથી અહીંના ઋષિમુનિ વિશ્વના ખૂણેખૂણામાં ભારતીય સંસ્કૃતિને પ્રચારિત અને પ્રસારિત કરતા રહ્યા છે. જો કે આજે ઋષિમુનિઓની એ વિચારસરણી અને પ્રચારિત - પ્રસારિત કરેલી સંસ્કૃતિ એક જુદા જ સ્વરૂપમાં આપણી સમક્ષ છે. આપણી માન્યતા એવી હોવી જોઈએ કે, -

''माता मे पार्वती देवी पिता देवो महेश्वरः ।

भ्रातरः मनुजाः सर्वे स्वदेशो भुवनत्रयः ।।''

અર્થાત્ ''પર્વતને ધારણ કરનાર પૃથ્વી મા-પાર્વતી મારી મા છે. મહાકાલ આદિદેવ શંકર મારા પિતા છે, સર્વ મનુષ્ય મારા ભાઈ છે તથા સમગ્ર બ્રહ્માંડ મારો દેશ છે.''

ભારતીય સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ છે આધ્યાત્મિકભાવના. જીવન કેવળ ઉપભોગ માટે નહીં પરંતુ ઉપાસના માટે છે. આત્માની ઉન્નતિ માટે છે. આ આધ્યાત્મિક ભાવના મનુષ્યને દેવ બનાવે એવી છે સર્વજીવોમાં એકત્વ પ્રસ્થાપિત કરે છે. ભારતીય સંસ્કૃતિ એક ઈશ્વરમાં વિશ્વાસ ધરાવવા જણાવે છે.

''एकं सद्विप्रा बहुधा वदन्ति''

પરંતુ પાછળથી સૃષ્ટિના નવા નવા સ્વરૂપો માટેના અલગ અલગ દેવતાઓની કલ્પના કરવામાં આવી. ૩૩ કરોડ દેવતાઓ હોવાની માન્યતા પણ વિકસી છે.

આધુનિકકાળમાં દેવતાઓની બાબત ગૌણ રહી જઈને સંપ્રદાયનું મહત્ત્વ વધ્યું છે. જો કે સમગ્ર જગતમાં એક જ પરમાત્મા વ્યાપ્ત છે. એવું જણાવતા અનેક વિધાનો આપણી પાસે છે. - ''इशावास्यमिद सर्व यत्किञ्च जगत्यां जगत् . . . (इशा १)'' વગેરે.

એક પરમાત્મા ઉપરના વિશ્વાસમાંથી ઉદ્ભવતી 'સમન્વય ભાવના' ભારતીય સંસ્કૃતિનો સર્વોત્તમ ગુણ છે.

''यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभुद् विजानतः ।

तत्रः को मोह कः शौक एकत्वमनुपश्यतः ।।''

ભારતીય સંસ્કૃતિ કર્મની પ્રધાનતામાં માને છે. અનાસક્ત ભાવે કરેલા કર્મ ઉપર ભાર મૂકે છે.

ભારતીય સંસ્કૃતિ ધર્મપ્રધાન સંસ્કૃતિ છે. તેમાં ધર્મ અર્થાત્ વર્તમાન સંપ્રદાયો નહિ, પરંતુ જગતને ધારણ કરનાર, એવું શાસ્ત્રો કહે છે.

''धारणाद्धर्म इति आहुर्धर्म धारयते प्रजा ।''

ધર્મમાં અહિંસા, સત્ય, અસત્યે, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે બાબતોનો સમાવેશ થઈ જાય છે. ધર્મનું લક્ષણ આપતાં મનુસ્મૃતિ કહે છે, 'धृतिः क्षमा दमाऽस्तेय शोचम् इन्द्रियनिग्रहः धी विद्या सत्यमक्रोधो दशकं धर्मलक्षणम्' ધર્મપ્રધાન ભારતીય સંસ્કૃતિ પ્રત્યેક કર્મને યજ્ઞની ભાવનાથી કરવા જણાવે છે. સ્વાધ્યાય અને ઈશ્વરની ઉપાસનાને બ્રહ્મયજ્ઞ ગણાયો છે. માતાપિતાની સેવાને પિતૃયજ્ઞનું નામ અપાયું છે. ''अतिथि देवो भव'' ની ભાવનાથી થતું કર્મ અતિથિયજ્ઞ.

સામાજિક જીવનમાં સ્ત્રીઓને પ્રતિષ્ઠાભર્યું સ્થાન આપવાની બાબત પાશ્ચાત્ય સંસ્કૃતિનું ખાસ લક્ષણ મનાય છે. પરંતુ આ બાબતમાં વિચાર કરીએ તો સ્ત્રીઓ પ્રત્યે ઉદારવૃત્તિ દાખવવાની બાબતમાં પાશ્ચાત્યોને ભારતીયો જ શિખામણના બોલ સંભળાવે એવી સ્થિતિ છે. ભારતીય સંસ્કૃતિમાં નારીનું અત્યંત ગૌરવ કરવામાં આવ્યું છે. ઋગ્વેદમાં

...ના શિક્ષણની વ્યવસ્થાનો નિર્દેશ છે. અનેક ઋષિકન્યાઓએ વેદમંત્રોનું દર્શન પણ ...ર્યું છે. પુત્રની જેમ એને પણ ઉપનયન સંસ્કાર કરવામાં આવતો હતો. વેદાધ્યનનો એને ...નો અધિકાર હતો. નારી પુરુષની સહયોગિની હતી. અપાલા, પૌલોમી વગેરે નામો ...પણ મળે છે. પરંતુ પછીના સમયમાં સ્ત્રીઓનું સ્થાન બદલાતું ગયું. સીમિત બનતું ગયું. ...માં તો ભારતીય સંસ્કૃતિનું કહેવું છે કે, -

''यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता:''

આપણી સંસ્કૃતિનો પ્રવાહ અસલમાં જે જોરદાર વહેતો હતો તેમાં અંધશ્રદ્ધારૂપી ...ને જો ખંખેરી નાખવામાં આવે તો ફરી ભારતીય સંસ્કૃતિગંગા નિર્મળપ્રવાહમાં ...ની થઈ શકે.

□□□

# गोदान : समीक्षा

– डॉ. मुकेश डी. पटे
प्राचार्य

गोदान, प्रेमचन्द का अंतिम और सबसे महत्त्वपूर्ण उपन्यास माना जाता है । कुछ
इसे उनकी सर्वोत्तम कृति भी मानते है । इसका प्रकाशन १९३६ ई. में हिन्दी ग्रन्थ रत्ना
कार्यालय, बम्बई द्वारा किया गया था । इसमें भारतीय ग्राम समाज एवं परिवेश का स
चित्रण है । गोदान ग्राम्य जीवन और कृषि संस्कृति का महाकाव्य है ! इसमें प्रगति
गांधीवाद और मार्क्सवाद (साम्यवाद) का पूर्ण परिप्रेक्ष्य में चित्रण हुआ है ।

गोदान हिंदी के उपन्यास-साहित्य के विकास का उज्वलतम प्रकाश स्तंभ है । गोदान
नायक और नायिका होरी और धनिया के परिवार के रुप में हम भारत की एक विशेष संस्कृ
को सजीव और साकार पाते है, ऐसी संस्कृति जो अब समाप्त हो रही है या हो जाने को है, फि
भी जिसमें भारत की मिट्टी की सोंघी सुवास भरी है । प्रेमचंद ने इसे अमर बना दिया है। गोद
प्रेमचंद का हिंदी उपन्यास है जिसमें उनकी कला अपनेआप चरम उत्कर्ष पर पहुँची है । गोद
में भारतीय किसान का संपूर्ण जीवन – उसकी आकांक्षा और निराशा, उसकी धर्मभीरुता औ
भारतपरायणता के साथ स्वार्थपरता और बैठकबाजी, उसकी बेबसी और निरीहता – का जी
जागता चित्र उपस्थित किया गया है । उसकी गर्दन जिस पैर के नीचे दबी है उसे सहला
कलेश और वेदना को झुठलाता, मरजादा की झूठी भावना पर गर्व करता, ऋणग्रस्तता के
अभिशाप में पिसता, तिल तिल शूलों भरे पथ पर आगे बढता, भारतीय समाज का मेरुदंड य
किसान कितना शिथिल और जर्जर हो चुका है। यह गोदान में प्रत्यक्ष देखने को मिलता है
नगरों के कोलाहलमय चकाचौंध ने गाँवो की विभूति को कैसे ढँक लिया है, जमींदार, मि

